**Shri Govind Guru University**
**(Established Vide Gujarat Act No. 24/2015)**

**શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી**
**(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)**

નં.એસજીજીયુ/પરીક્ષા/૨૦૨૫/૮૦૩ તા.૧૭/૦૧/૨૦૨૫

**પરિપત્ર-૩૬૨૧**

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન એલએલ.બી. અભ્યાસક્રમ ચલાવતી કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, આપની કોલેજમાં એલએલ.બી. સેમેસ્ટર-૧ અભ્યાસક્રમમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માં પ્રથમ સેમેસ્ટર માં પ્રવેશ મેળવેલ તમામ વિધાર્થીઓના એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના ન્યુ UMS સોફ્ટવેર પોર્ટલ https://sgguerp.in પર તેમને ફાળવેલ યુઝર આઈ.ડી. દ્વારા લોગીન થઈ તા.૨૭/૦૧/૨૦૨૫ સુધીમાં આ સાથે સામેલ માર્ગદર્શિકા અનુસાર ઓનલાઈન ભરવાના રહેશે તથા ફરજીયાતપણે નિયત ફી અને ડેવલોપમેન્ટ ફી(લાગુ પડતી હોય તેઓએ) ની રીસીપ્ટ તથા આચાર્યશ્રીના સહી-સિક્કા સાથેના ફોર્વરડીંગ લેટર બે કોપીમાં યુનિવર્સિટી ખાતે ફક્ત રૂબરૂમાં જમા કરાવવાના રહેશે.

પરીક્ષા નિયામક
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
વિંઝોલ (ગોધરા)

બિડાણ : એનરોલમેન્ટ ફોર્મ ભરવા માટેની જરૂરી માર્ગદર્શિકા/સૂચનાઓ.

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન એલએલ.બી. અભ્યાસક્રમ ચલાવતી કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારું.

## <u>સેમેસ્ટર-૧ માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ સંબંધિત જરૂરી સૂચનાઓ</u>

એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ યુનિવર્સિટી ઓનલાઈન ભરવા અને કાર્યાલયમાં જમા કરાવવા માટેની નીચેની સૂચનાઓનું પાલન કરવા વિનંતી છે.

- આ યુનિવર્સિટીમાં સેમેસ્ટર-૧ માં પ્રવેશ મેળવનાર વિધાર્થીઓનું એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.
- એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન માટે GSAC Portal પર વિદ્યાર્થીનું ફોર્મ ભરેલું હોવું ફરજીયાત છે. જે વિદ્યાર્થીએ GSAC Portal માં ફોર્મ ભરેલ નથી તેવા વિદ્યાર્થીઓનું એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ ભરવું નહી. જેની સઘળી જવાબદારી જે તે કોલેજના આચાર્યશ્રીની રહેશે.
- સંબંધિત કોલેજએ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના ન્યુ UMS સોફ્ટવેર પોર્ટલ https://sgguerp.in પર તેમને ફાળવેલ યુઝર આઈ.ડી. દ્વારા લોગીન થઈ એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મમાં માંગ્યા મુજબની તમામ વિગતો ઓનલાઈન ભરી ફોર્મને વેરીફાઈ અને સેવ કરવાનું રહેશે.
- સંબંધિત કોલેજ દ્વારા એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ સેવ કર્યા બાદ એનરોલમેન્ટ સ્લીપ જનરેટ કરવાની રહેશે. આ સ્લીપમાં ફીની વિગતો આવશે જે અનુસાર ફી ભરવાની રહેશે.
- એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ વેરીફાઈ કરતા પહેલા તમામ પ્રકારની ચકાસણી કરી લેવી જેથી બાદમાં સુધારા-વધારા કરવાં માટેની કોઈ કાર્યવાહી કરવી પડે નહિ.
- અધુરી કે ખોટી વિગતોવાળા આવેલ એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મના કારણે વિદ્યાર્થીના નામમાં, ફોટામાં કે અન્ય કોઈ બાબતમાં ક્ષતિ જણાશે તો તે અંગે યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહિ.
- વિદ્યાર્થીઓનું એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ જમા કરાવતા અગાઉ પ્રવેશ પાત્રતા/યોગ્યતા અંગેની તમામ ચકાસણી આપના સ્તરે કરી લેવાની રહેશે. તેમાં કોઈ ક્ષતિ જણાય અથવા ભવિષ્યમાં તેના કારણે કોઈ કાયદાકીય કાર્યવાહી થાય તો તે અંગેની સઘળી જવાબદારી આપની રહેશે.
- એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મમાં ઓનલાઈન ભરેલી વિગતોની ચકાસણી કૉલેજ કક્ષાએથી કાળજીપૂર્વક કરવાનું રાખવું. વિદ્યાર્થીઓનું નામ, બેઠક નંબર, વર્ષ અને પરિણામ ખુબ ચોકસાઈ પૂર્વક ચેક કરવા.
- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સિવાયની કૉલેજો/અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પાસેથી પ્રોવિઝનલ એડમીશન એલીજીબીલીટી સર્ટીફીકેટ/ફાઈનલ એડમીશન એલીજીબીલીટી સર્ટીફીકેટ મેળવી લેવું **P.A.E.C./F.A.E.C.** નંબરની વિગતો ધ્યાનપૂર્વક એન્ટ્રી કરવી. જો તે પ્રમાણે કાર્યવાહી નહિ કરવામાં આવે તેનું ફોર્મ રદબાતલ થશે તથા તે અંગે સંપૂર્ણ અબાધિત અધિકાર યુનિવર્સિટીનો રહેશે.

- એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ ભરવા અંગેની ખાસ સૂચના :
  a) એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન માટે GSAC Portal પર વિદ્યાર્થીનું ફોર્મ ભરેલું હોવું ફરજીયાત છે. જે વિદ્યાર્થીએ GSAC Portal માં ફોર્મ ભરેલ નથી તેવા વિદ્યાર્થીઓનું એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ ભરવું નહી. જેની

સઘળી જવાબદારી જે તે ભવનના પ્રોફેસર/કો-ઓર્ડીનેટર, કોલેજના આચાર્ય તથા માન્ય અનુ-સ્નાતક કેન્દ્રના ઇન્ચાર્જની રહેશે.

b) જે વિદ્યાર્થીનું ABC ID (APPAR ID) નહી હોય તેનું એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ ભરી શકશે નહી.

c) વિદ્યાર્થીનો ફોટોગ્રાફ અને સહી ચેક કરી લેવા તથા જો તે ન હોય ખાનામાં સમાય તે રીતે સ્કેન કરીને અપલોડ કરવા, તે જ ફોટો વિધાર્થીની હોલટીકીટ અને માર્કશીટમાં આવશે અને તેની જાણ વિધાર્થીને કરવી. તેમજ ફોર્મ ઉપર ફોટોગ્રાફ ચોટાડવા નહિ અને સહી કરાવવી નહી.

d) એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મમાં જો વિદ્યાર્થીનું નામ **CAPITAL LETTER** માં ન હોય તો તેને સુધારી **CAPITAL LETTER** માં એન્ટ્રી કરવી. જ્યાં મેન્યુઅલ એન્ટ્રી કરવાની થાય ત્યાં **CAPITAL LETTER** થી જ એન્ટ્રી કરવી.

e) Surname, Name & Father/Husband/Mother Name ચેક કરી કરી લેવા જો તે મુજબ ડેટા આવેલ ન હોય તેમાં સુધારો કરવો.

f) વિધાર્થીઓના ABC ID, આધારકાર્ડ, ઈ-મેઈલ એડ્રેસ, મોબાઈલ નંબર, જન્મ તારીખ, પીનકોડ, બેંક એકાઉન્ટ નંબર, IFSC કોડ વિગેરે જેવી આંકડાકીય માહિતી ખાસ ધ્યાન રાખીને એન્ટ્રી કરવી. (આંકડામાં ભૂલ ન થાય તે રીતે) કારણકે રજીસ્ટર્ડ ઈ-મેઈલ અથવા મોબાઈલ નંબરમાં વિધાર્થીઓને જરૂરી માહિતી સમયાંતરે મોકલવામાં આવશે.

g) એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મમાં ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક: હ-૨/સ્કો/૨૦૧૫/૪૪ થી ૬૧૯ તા.૧૦/૦૮/૨૦૧૫ મુજબ દરેક વિધાર્થીઓના આધાર નંબરની વિગત નિયત કોલમમાં અચૂક લખાવવાની રહેશે.

h) એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મમાં યુ.જી.સી.,ન્યુ દિલ્હીના પત્ર ક્રમાંક:D.O.No.F.I-50/2021(ABC/NAD) તા.૨૧/૦૨/૨૦૨૩ મુજબ દરેક વિધાર્થીઓના ABC/APPAR નંબર અને આધાર કાર્ડ મુજબનાં નામની વિગત નિયત કોલમમાં અચૂક લખાવવાની રહેશે.

- ઈન્ટેક કેપેસીટી ઉપરાંત યુનિવર્સિટી દ્વારા જેટલી બેઠકોના વધારા માટે મંજુરી મળી હોય તેટલા જ વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ ભરાવવાની જવાબદારી જે તે કોલેજના આચાર્યશ્રીની રહેશે.
- આપે વિધાર્થીઓના નામ અને અન્ય વિગત વાળું એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મનું ચેક લીસ્ટ નોટીસ બોર્ડ પર મુકવાનું રહેશે. તેમાં ખરાઈ અર્થે સંબંધિત વિધાર્થીઓની સહી પણ લેવાની રહેશે. જેનું કોલેજોએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
- સંબંધિત કોલેજ દ્વારા એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ સેવ કર્યા બાદ એનરોલમેન્ટ સ્લીપ જનરેટ કરવાની રહેશે. આ સ્લીપમાં ફીની વિગતો આવશે જે અનુસાર ફી ભરવાની રહેશે.
- એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મની જરૂરી ફી પોર્ટલમાં વેરીફાઈડ અને સેવ કરેલ ફોર્મના આધારે સોફ્ટવેર દ્વારા દર્શાવેલ રકમ પોર્ટલમાં દર્શાવેલ ડીજીટલ ગેટવે અથવા RTGS/NEFT થી ભરવાની રહેશે.
- એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મની ઓનલાઈન જનરેટ થયેલ રીસીપ્ટની નકલ અને આચાર્યશ્રીના સહી અને સિક્કા સાથેનો ચેકલીસ્ટ રીપોર્ટ ***યુનિવર્સિટી કાર્યાલયમાં ૨ (બે) કોપીમાં નીચે અભ્યાસક્રમ સામે દર્શાવેલ સમય-પત્રક***

***અનુસાર અથવા તે પહેલા ફક્ત રૂબરૂમાં જમા કરાવવાનો રહેશે. (રજી./સ્પીડ પોસ્ટ/કુરિયર કરવું નહી) (એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મની હાર્ડકોપી યુનિવર્સિટીમાં જમા કરાવવાની નથી). યુનિવર્સિટી ખાતે ચેકલીસ્ટ અને ફી ની રીસીપ્ટ જમા કરાવવાની નિયત તારીખ બાદ આવેલ ફોર્મના સંદર્ભમાં પ્રતિ દિવસ પ્રતિ વિદ્યાર્થી મુજબ રૂ. ૨૫/- લેટ ફી લાગુ થશે.***

| અભ્યાસક્રમ | એનરોલમેન્ટ ફોર્મ/ રજીસ્ટ્રેશન ફોર્મની રેગ્યુલર ફી (₹) | રેગ્યુલર ફી સાથે ફોર્મ ભરવાની છેલ્લી તારીખ | ચેકલીસ્ટ અને ફી ની રીસીપ્ટ યુનિ. ખાતે જમા કરાવવાની તારીખ |
|---|---|---|---|
| એલએલ.બી. | ૨૦૦ | ૨૭/૦૧/૨૦૨૫ | ૨૮/૦૧/૨૦૨૫ |

- એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મની જરૂરી ફી પોર્ટલમાં વેરીફાઈડ કરેલ ફોર્મના આધારે સોફ્ટવેર દ્વારા દર્શાવેલ રકમ પોર્ટલમાં દર્શાવેલ ડીજીટલ ગેટવે અથવા શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી એક્ઝામિનેશન, ગોધરાના એક્સીસ બેંકના ખાતા નં.918010086166147 (IFSC CODE: UTIB0000264 MICR: 389211002) માં NEFT/RTGS થી ભરવાની રહેશે.
- એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફીની પોર્ટલમાં દર્શાવેલ કુલ રકમમાંથી વહીવટી ખર્ચ પેટે વિદ્યાર્થી દીઠ રૂ. ૨૦/- કપાત કરીને ગણતરીમાં લીધેલ હોય પોર્ટલમાં દર્શાવ્યા મુજબની પૂરી ફી ભરવી.
- યુનિવર્સિટીના વિભાગોએ પૂરી ફી ભરવાની રહેશે. તેઓએ વહીવટી ખર્ચ બાદ કરવાનો રહેશે નહી.
- સ્વનિર્ભર કોલેજોએ તેમજ અનુદાનિત/સરકારી કોલેજોના સ્વનિર્ભર યુનિટ/કોર્સીસની વિદ્યાર્થીદીઠ ભરવાની થતી યુનિવર્સિટી ડેવલોપમેન્ટ ફી આ યુનિવર્સિટીના તા.૧૯/૦૭/૨૦૨૪ ના પરિપત્ર-૩૪૩૫ મુજબ ભરવાની રહેશે. તે માટે બે કોપીમાં અલગ ફોરવર્ડીંગ લેટર અને ફી ભર્યાની પાવતી સાથે રાખવાની રહેશે. ડેવલોપમેન્ટ ફી ના ભરેલ કોલેજના એનરોલ્મેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ જે અંગેની ખાસ નોધ લેવા જણાવવામાં આવે છે.

પરીક્ષા નિયામક
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
વિંઝોલ (ગોધરા)

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન એલએલ.બી. અભ્યાસક્રમ ચલાવતી કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારું.